# <u>ગુજરાત રાજય ખરીદ નીતિ - ૨૦૧૬</u>

**ગુજરાત સરકાર**
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૩/૦૬/૨૦૧૬.

## વંચાણે લીધા:

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૯૫/૨૬૩૬/(૯૭)/ચ, તા: ૨૩/૦૯/૧૯૯૭
(૨) નાણા વિભાગના પરિપત્ર ક્રમાંક:એસટીએ/૨૭૫૨/૧૧૭૩/ક, તા.૨/૫/૧૯૬૨
(૩) નાણા વિભાગના પરિપત્ર ક્રમાંક:જીએસટી/૧૦૭૦/૬૨૪૬/ઠ, તા.૩૦/૧/૧૯૭૧
(૪) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૨/યુઓઆર/૨૪/ચ, તા:૨૮/૦૧/૨૦૦૩
(૫) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૨/યુઓઆર/૨૪/ચ, તા: ૨૧/૦૫/૨૦૦૩
(૬) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, તા.૨૨/૧૧/૨૦૦૬
(૭) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૫/ચ, તા.૮/૭/૨૦૧૧
(૮) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૨/યુઓઆર/૨૪/ચ, તા: ૨૭/૧૨/૨૦૧૧

## <u>પ્રસ્તાવના:</u>

પ્રવર્તમાન ખરીદ નીતિ–૧૯૯૭ ઉપર વંચાણે લીધેલ ક્રમ(૧) સામેના તા.૨૩/૦૯/૧૯૯૭ના ઠરાવથી પ્રસિધ્ધ કરવામાં આવેલ. વર્તમાન પરિપ્રેક્ષ્યમાં સદરહું ખરીદ નીતિના અમલીકરણમાં અનુભવાતી મુશ્કેલીઓ, વિવિધ સંસ્થાઓ, ઉત્પાદક મંડળીઓ, મંડળો, બોર્ડ/નિગમો, ખરીદી કરતા અગ્રગણ્ય ખાતાઓ તથા સરકારના અન્ય ખાતાઓ તરફથી થતી રજૂઆતો, ભારત સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ “MAKE IN INDIA” અભિયાન ઉપરાંત રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), કુટિર તેમજ લઘુ ઔદ્યોગિક એકમો અને બેરોજગાર શિક્ષિતો તરફથી શરૂ કરવામાં આવેલ ઉદ્યોગોને તથા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ સંલગ્ન સંસ્થાઓને બજાર સહાય આપવાની કામગીરી કરતા રાજ્યના નિગમો મારફત રાજ્યના લઘુ, કુટિર તેમજ નાના ઔદ્યોગિક એકમો વિગેરેને પૂરતી બજાર સહાય મળી રહે તે સમગ્ર બાબતો ધ્યાને લઇ ગુજરાત રાજય ખરીદ નીતિ–૨૦૧૬ પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

## <u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે, અતિ નાના (સુક્ષ્મ), કુટિર તેમજ લઘુ ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહનરૂપ ખરીદ નીતિ–૧૯૯૭, તા.૨૩/૦૯/૧૯૯૭નો ઠરાવ અને તેમાં વખતો વખત બહાર પાડવામાં આવેલા સુધારા–વધારા અંગેના તમામ ઠરાવ/પરિપત્રો આથી રદ કરવામાં આવે છે અને રાજ્યમાં આવેલ અતિ નાના (સુક્ષ્મ), કુટિર અને લઘુ ઉદ્યોગો સહિતના ઔદ્યોગિક એકમો, શિક્ષિત બેરોજગારો તરફથી શરૂ કરવામાં આવેલ ઉદ્યોગો અને ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ સંચાલિત સંસ્થાઓ વિગેરેને પ્રોત્સાહનરૂપ તથા બજાર સહાયની

કામગીરી કરતા નિગમો મારફત પણ લઘુ તેમજ કુટિર ઉદ્યોગો વિગેરે સરકારી ખરીદીમાં સીધો જ ભાગ લઇ શકે અને સાથોસાથ રાજ્યના સરકારી વિભાગો, ખાતાઓ, કચેરીઓને વ્યાજબી અને સ્પર્ધાત્મક ભાવે ગુણવત્તાવાળી ચીજવસ્તુઓ મળી રહે તે માટે નીચેની જોગવાઇઓને આધીન "ગુજરાત રાજય ખરીદ નીતિ–૨૦૧૬" પ્રસિધ્ધ કરવામાં આવે છે.

## (૧) મેક ઇન ઇન્ડીયા:

(અ) ભારત સરકારના "MAKE IN INDIA" અભિયાન અંતર્ગત આ ખરીદ નીતિ હેઠળ ખરીદ કરવાની ચીજવસ્તુઓ ભારતમાં ઉત્પાદિત થયેલ હોવી જોઈએ. જરૂરિયાત મુજબની વસ્તુ એવી ટેકનિકલ સ્પેસીફિકેશનની હોય કે જે ભારતમાં ઉત્પાદિત થતી ના હોય અને વિદેશથી ખરીદ કરવી જરૂરી હોય તો તેવા ખાસ કિસ્સામાં સંબંધિત વિભાગના સચિવશ્રીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(બ) આયાતી ચીજવસ્તુઓ માટે કવોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (QCI) અથવા ભારતીય માનક બ્યુરો (Bureau of Indian Standard) અથવા ભારત સરકાર દ્વારા માન્ય સંસ્થાનું ગુણવત્તા પ્રમાણપત્ર (Quality Certificate) હોવું અનિવાર્ય છે.

(ક) આ ખરીદ નીતિ હેઠળ રાષ્ટ્રીય ગુણવત્તા માનાંક/ગુણવત્તા પ્રમાણપત્ર/કવોલીટી કાઉન્સીલ ઓફ ઇન્ડિયા (QCI), ભારતીય માનક બ્યુરો (BIS) અથવા ભારત સરકાર દ્વારા માન્ય સંસ્થાના માપદંડ મુજબની ગુણવત્તાવાળી ચીજવસ્તુઓની ખરીદીને પ્રાધાન્ય આપવાનું રહેશે અને આ અંગેની શરતનો ટેન્ડર ઈન્કવાયરીમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(ડ) વિદેશમાં ઉત્પાદિત ચીજવસ્તુઓ પૈકી કોઈ વસ્તુ માટે BIS અને ભારત સરકારની અન્ય સંસ્થાઓ સર્ટીફિકેટ આપતી ન હોય તેવા કિસ્સામાં આંતરરાષ્ટ્રીય માન્ય સંસ્થા પાસેથી અપાયેલ સર્ટીફિકેટ માન્ય ગણાશે.

## (૨) પ્રાઈસ ટેન્ડર ફોર્મની કિંમત ચૂકવવામાંથી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) ભરવામાંથી મુક્તિ અંગેની શરતો:

**(અ)** રાજયના અતિ નાના (સુક્ષ્મ), કુટિર તેમજ લઘુ ઔદ્યોગિક એકમો કે જે ટેન્ડર પ્રક્રિયામાં સીધે સીધા જ ભાગ લે અને ખરીદી હેઠળની ચીજવસ્તુઓના ઉત્પાદન માટેનો નોંધણી નંબર ધરાવતા હોય ઉપરાંત સી.એસ.પી.ઓ. અથવા રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ અથવા ડાયરેક્ટર જનરલ ઓફ સપ્લાઈઝ એન્ડ ડીસ્પોઝલ્સનો નોંધણી નંબર ધરાવતા હોય તેવા એકમો. (વિક્રેતા, એજન્ટ, ડીસ્ટ્રીબ્યુટર કે અન્ય મધ્યસ્થી મારફત સરકારી ખરીદીમાં પરોક્ષ રીતે ભાગ લે તો તેમને આ મુક્તિનો લાભ મળવાપાત્ર નથી).

(બ) ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સંસ્થાઓ જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતી હોય, તેનું ખરીદી ગ્રામોદ્યોગ બોર્ડ, ખાદી અને વીલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન (કે.વી.આઈ.સી.) અથવા કુટીર ઉદ્યોગનું નોંધણી પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.

(ક) રાજ્યનાં ઉત્પાદન પ્રવૃત્તિ કરતા નિગમોને ફક્ત ઉત્પાદન કરતી પોતાની જ ચીજવસ્તુઓ માટે જ ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ., ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ., ગુજરાત રાજ્ય ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિ. તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા આ હેતુ માટે માન્ય કરવામાં આવેલ અને વખતો વખત માન્ય કરવામાં આવે તેવા, આ પ્રકારનાં અન્ય નિગમો.

(ડ) પોતાનું ઉત્પાદન ન કરતા પરંતુ રાજ્યના અતિ નાના(સુક્ષ્મ), કુટિર તેમજ લઘુ ઔદ્યોગિક એકમો અને ગ્રામ્ય ઉદ્યોગ વિગેરે માટે બજાર સહાય પુરી પાડતા સરકાર દ્વારા માન્ય કરવામાં આવતા સરકારી નિગમો જેવા કે ગુજરાત ગ્રામોદ્યોગ (ગ્રીમકો) નિગમ લી. વિગેરે.

(ઈ) રાજ્ય સરકાર/કેન્દ્ર સરકાર અથવા તો રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા માન્ય સંસ્થાઓ જેવી કે, અંધજન માટેની સંસ્થાઓ, બહેરા-મુંગા માટેની સંસ્થાઓ, અપંગો માટેની સંસ્થાઓ, માનસિક ક્ષતિવાળા બાળકો અને વ્યક્તિઓ માટેની સંસ્થાઓ, નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અથવા અન્ય સક્ષમ સત્તાઅધિકારી દ્વારા માન્યતા પ્રાપ્ત મહિલા સ્વસહાય જૂથ અને કુટીર ઉધોગ કમિશનર દ્વારા માન્યતા પ્રાપ્ત ઉત્પાદક સમૂહો કે જેમણે સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાંથી જે તે ચીજવસ્તુના ઉત્પાદન માટે નોંધણી પ્રમાણપત્ર મેળવેલ હોય અને જો સરકારી ખરીદીમાં સીધે સીધા ભાગ લે અને ચીજવસ્તુઓનું પોતે જ ઉત્પાદન કરતા હોવા જોઇએ.

ઉપરોક્ત એકમો સિવાયના ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેનાર એકમો માટે ટેન્ડર ફી તેમજ ઈ.એમ.ડી.ના દર નીચે મુજબના રહેશે.

| ટેન્ડરની કુલ અંદાજીત રકમ | ટેન્ડર ફી રૂા. | ઈ.એમ.ડી. |
|---|---|---|
| રૂ.૨૫ લાખ સુધી | ૧,૫૦૦ | ટેન્ડરની કુલ અંદાજીત કિંમતના ત્રણ ટકા પ્રમાણે |
| રૂ.૨૫ લાખથી વધુ પરંતુ ૫૦ લાખ સુધી | ૨,૫૦૦ | |
| રૂ.૫૦ લાખથી વધુ પરંતુ એક કરોડ સુધી | ૫,૦૦૦ | |
| રૂ.૧ કરોડથી ઉપર | ૧૫,૦૦૦ | |

**નોંધ :** ઈ.એમ.ડી. માન્યતા પ્રાપ્ત બેન્કના ડિમાન્ડ ડ્રાફ્ટ, પે ઓર્ડર, બેંક ગેરેન્ટી પૈકી કોઈપણ એક સ્વરૂપે સ્વીકારવાની રહેશે, ઈ.એમ.ડી. રોકડ સ્વરૂપે સ્વીકારવાની રહેશે નહીં. ઈ.એમ.ડી. અસફળ રહેલ બીડરોને પરત કરવાની થતી હોઈ, બેંક ખાતામાં જમા કરાવવી નહીં.

## (૩) સીક્યોરીટી ડીપોઝીટ:

ટેન્ડર પ્રક્રિયામાં એલ–૧ બીડર (lowest bidder) પેઢી પાસેથી માલસામાનની ખરીદીની કિંમતના પાંચ ટકા લેખે સીક્યોરીટી ડીપોઝીટ લેવાની રહે છે, પરંતુ રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), કુટિર અને લઘુ ઔદ્યોગિક એકમો જે ઉપરોક્ત પેરા (૨)માં દર્શાવેલ જોગવાઈઓનું પાલન કરતા હોય તો તેઓને રૂપિયા પાંચ લાખ સુધીની ખરીદીમાં સીક્યોરીટી ડીપોઝીટ ભરવામાંથી મુક્તિ રહેશે, પરંતુ રૂપિયા પાંચ લાખથી વધુની ખરીદી હોય તેવા કિસ્સામાં સીક્યોરીટી ડીપોઝીટ પાંચ ટકાના સ્થાને ત્રણ ટકા લેખે ભરવાની રહેશે. તે સિવાયના અન્ય તમામ એકમોએ ખરીદીની કિંમતના પાંચ ટકા સીક્યોરીટી ડીપોઝીટ ભરવાની રહેશે.

| એકમની કેટેગરી | રૂ. ૫ લાખ સુધીની ખરીદી | રૂ. ૫ લાખથી વધુની ખરીદી |
|---|---|---|
| ખરીદ નીતિ મુજબ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. ભરવામાંથી મુકિત મેળવતા હોય તેવા એકમો અથવા સંસ્થાને | મુકિત | ૩% |
| તે સિવાયના અન્ય તમામ એકમો માટે | ૫% | ૫% |

## (૪) (અ) અતિ નાના (સુક્ષ્મ), કુટીર અને લઘુ ઔધોગિક એકમોને ભાવ પસંદગી:

1 રાજ્યના કુટિર, અતિ નાના (સુક્ષ્મ) અને લઘુ એકમોને (The Micro, Small & Medium Enterprises Development Act-2006) રાજ્યના મધ્યમ તથા મોટા એકમો સામે તથા અન્ય રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), કુટિર, લઘુ મધ્યમ તથા મોટા એકમો સામે ૧૦ ટકા ભાવ પસંદગીનો લાભ મળવાપાત્ર થશે.

2 રાજ્યના કુટિર, અતિ નાના (સુક્ષ્મ) અને લઘુ એકમ (The Micro, Small & Medium Enterprises Development Act-2006) પૈકીનું જો કોઇપણ ઉત્પાદિત એકમ મહિલા ધારક (મહિલા પ્રોપ્રાયટર) અથવા ભાગીદારી પેઢીના કિસ્સામાં તમામ ભાગીદાર મહિલા હોય અથવા કંપનીના કિસ્સામાં તમામ શેરધારક મહિલા હોય તેવા એકમોને રાજ્યના મધ્યમ તથા મોટા એકમો સામે તથા અન્ય રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), કુટિર, લઘુ, મધ્યમ તથા મોટા એકમો સામે ૧૧ ટકા ભાવ પસંદગીનો લાભ મળવાપાત્ર થશે.

3 આ એકમોએ ટેન્ડર પ્રક્રિયામાં સીધે સીધો ભાગ લીધેલ હોય અને ખરીદી હેઠળની ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતા હોય અને સી.એસ.પી.ઓ. અથવા રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ અથવા ડાયરેકટર જનરલ ઓફ સપ્લાઈઝ એન્ડ ડીસ્પોઝલ્સનો નોંધણી નંબર મેળવેલ હોવો જરૂરી છે.

### (બ) ગુણવત્તા આધારિત ભાવ પસંદગી:

ગુજરાત રાજ્યના અતિ સુક્ષ્મ, નાના અને કુટિર ઔદ્યોગિક એકમ કે જેણે સી.એસ.પી.ઓ. અથવા રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ અથવા ડાયરેકટર જનરલ ઓફ સપ્લાઇઝ એન્ડ ડીસ્પોઝલ્સનો નોંધણી નંબર મેળવેલ તેવા એકમોના આઇ.એસ.આઇ./બી.આઇ.એસ./એગમાર્ક ધરાવતાં માલસામાન માટે ૫% વધુ ભાવ પસંદગી મળવાપાત્ર રહેશે, પરંતુ જે કિસ્સાઓમાં જે તે કાયદા કે નિયમો અન્વયે આવો માર્ક મેળવવાનું ફરજીયાત હોય તેવા કિસ્સાઓમાં આ લાભ મળવાપાત્ર થશે નહી. આ જ પ્રમાણે જે કિસ્સાઓમાં આવા માર્ક ધરાવતી ચીજવસ્તુઓ માટે ભાવ મંગાવવામાં આવેલ હોય, તેવા કિસ્સાઓમાં પણ આ કારણસર વધારાના ૫% ભાવ પસંદગી મળવાપાત્ર રહેશે નહી.

## (૫) ઉકત ફકરા:(૪)માં દશાવેલ ભાવ પસંદગીના અર્થઘટન માટે નીચે મુજબની સ્પષ્ટતા ધ્યાને લેવાની રહેશે:

ભાવ–પસંદગીને પાત્ર રાજયના સૂક્ષ્મ/લઘુ/કુટિર ઉધોગ એકમોએ તેમના ભાવ, L-1 ભાવ સમકક્ષ લાવવાના રહેશે. એજ રીતે મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા એકમોને આપવાની ભાવ પસંદગી તથા ગુણવત્તા આધારિત ભાવ–પસંદગીમાં પણ આ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. એટલે કે, ગુણવત્તા આધારિત પાંચ ટકા ભાવ–પસંદગી ધ્યાનમાં લઇને કોઇપણ કિસ્સામાં પંદર ટકા કરતા વધારે ભાવ–પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી તેમજ ભાવ પસંદગીની જોગવાઇ અન્વયે વધુ કિંમત ચૂકવવી તેવું અર્થઘટન કરવાનું રહેશે નહીં, પરંતુ અન્ય રાજયના તમામ એકમો કે રાજયના મધ્યમ અથવા મોટા એકમ દ્વારા ઓફર કરવામાં આવેલ ભાવ પૈકી લઘુત્તમ ભાવ (L-1 ભાવ)થી દશ ટકા, અગિયાર ટકા કે પંદર ટકા (જે રીતે લાગુ પડતુ હોય તે રીતે) સુધી વધુ ભાવની ઓફર કરેલ એકમોને ફકત ઓર્ડર આપવાની પ્રક્રિયામાં વિચારણામાં લેવાના રહેશે અને તેવા એકમો જો લઘુત્તમ ભાવ (L-1 ભાવ)થી માલ–સામાન પુરો પાડવા સંમત થાય તો તેમને L-1 ભાવથી ઓર્ડર આપવાનો રહેશે.

## (૬) ભાવ મેળવણી (પ્રાઇસ મેચીંગ):

**(અ)** સૌથી ઓછા ભાવ દર્શાવનાર L-1 એકમ અન્ય રાજ્યનું હોય તો રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), લઘુ, મધ્યમ અથવા મોટા ઔદ્યોગિક એકમોને ભાવ સરખામણી માટે વાટાઘાટો માટે બોલાવવા, ભાવ મેળવણી માટે નેટ પ્રાઇસ ગણતરીમાં લેવાની રહેશે. આવા કિસ્સાઓમાં સરખામણી માટેના પત્રકો ઉપર વંચાણે લીધેલ ક્રમ (૨) અને (૩) સામેના અનુક્રમે નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક:એસપીએ/૨૭૫૨/૧૧૭૩/ક, તા.૦૨/૦૫/૧૯૬૨ અને પરિપત્ર ક્રમાંક: જીએસટી/૧૦૭૦/૬૨૪૬/ઠ, તા.૩૦/૦૧/૧૯૭૧ની સૂચનાઓ મુજબ તૈયાર કરવાના રહેશે. (અનુક્રમે પરિશિષ્ટ–ઘ અને પરિશિષ્ટ–ચ)

**(બ)** જો રાજ્યનું સૌથી ઓછા ભાવ દર્શાવનાર પ્રથમ એકમ અન્ય રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર એકમના ભાવ સાથે મેળવણી કરવા તથા તે મુજબની શરતો અને બોલીઓ માન્ય રાખવા સંમત થાય તો કુલ જથ્થાના ૫૦ ટકા ઓર્ડર રાજ્યના પ્રથમ સૌથી ઓછા ભાવ દર્શાવનાર ઔદ્યોગિક એકમને મળવાપાત્ર થશે.

**(ક)** જો રાજયનું સૌથી ઓછા ભાવ દર્શાવનાર પ્રથમ એકમ ઉપર પેરા–૬(બ) મુજબ ભાવ મેળવણી માટે તૈયાર થાય નહી તો આવા કિસ્સાઓમાં કુલ માંગના ૫૦ ટકા જથ્થાનો ઓર્ડર રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર બીજા એકમને અન્ય રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર એકમના ભાવપત્રકની શરતો અને બોલીઓ મુજબ મળવાપાત્ર થશે.

**(ડ)** ઉપર પેરા–૬(બ) અને પેરા–૬(ક)માં દર્શાવ્યા મુજબ જો રાજ્યના એકમો કુલ માંગનો ૫૦ ટકા જથ્થો પુરો પાડી શકે તેમ ન હોય તેવા કિસ્સાઓમાં આ ૫૦ ટકા જથ્થાનો ઓર્ડર રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર પ્રથમ, દ્વિતિય અને તૃતીય એકમોને સરખા ભાગે અન્ય રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર એકમની શરતો અને બોલીઓને આધીન મળવાપાત્ર થશે.

**(ઈ)** અતિ નાના (સુક્ષ્મ), કુટિર અને લઘુ એકમોને ભાવ મેળવણી કરવામાં અગ્રિમતા આપવાની રહેશે.

## (૭) રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), કુટીર અને લઘુ ઉદ્યોગો માટે આરક્ષણ:

(અ) રાજયના અતિ નાના (સુક્ષ્મ), કુટિર અને લઘુ ઉધોગો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના આરક્ષણની યાદી આ ઠરાવ સાથેના પરિશિષ્ટ 'ક','ખ' અને 'ગ' મુજબ રહેશે.

(બ) ભારત સરકારની ખરીદ નીતિમાં અતિ નાના અને લઘુ ઉદ્યોગો માટે ૩૫૮ ચીજવસ્તુઓ આરક્ષિત કરેલ છે, જેનો સમાવેશ આ ઠરાવ સાથેના પરિશિષ્ટ 'ક', 'ખ' અને 'ગ' માં કરવામાં આવેલ છે.

**પરિશિષ્ટ-ક:** સમગ્ર દેશના અતિ નાના (સુક્ષ્મ) અને લઘુ ઔદ્યોગિક એકમ માટે આરક્ષિત ૧૭૪ ચીજવસ્તુઓ

**પરિશિષ્ટ-ખ:** રાજ્યના અતિ નાના (સુક્ષ્મ) અને લઘુ ઔદ્યોગિક એકમો માટે આરક્ષિત ૧૮૮ ચીજવસ્તુઓ

**પરિશિષ્ટ-ગ:** રાજ્યના કુટીર ઉદ્યોગ માટે આરક્ષિત ૩૦ ચીજવસ્તુઓ

## (૮) વિના ટેન્ડરે ખરીદી:

વિના ટેન્ડરે ખરીદી માટેનું વર્ગીકરણ નીચે મુજબ રહેશે.

**<u>કક્ષા: (ક) સરકારી સંસ્થાઓ</u>**

**(૧)** જેલ

**(૨)** ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ લિ.(ગ્રીમકો)

**(૩)** ગુજરાત રાજ્ય વન વિકાસ લિ. (વનીલ ઉદ્યોગ)

**(૪)** ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ.(ગુર્જરી)

**(૫)** ગુજરાત રાજ્ય ઘેટા અને ઉન વિકાસ નિગમ લિ.(ગુશીલ)

**(૬)** ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિ.(નિગમ દ્વારા ઉત્પાદિત જંતુનાશક દવાઓ તથા અનાજ ભરવાના પીપ માટે જ)

**નોંધ: આ સંસ્થાઓ દ્વારા જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજવસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી જ ચીજવસ્તુઓની ખરીદી કરી શકાશે.**

**કક્ષા: (ખ) સરકાર માન્ય સંસ્થાઓ**

(૧) ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ/ખાદી અને વિલેજ ઇન્ડસ્ટ્રીજ કમિશન લિ.(કેવીઆઇસી) દ્વારા માન્ય સંસ્થાઓ.

(૨) અંધજન માટેની સંસ્થાઓ

(૩) અપંગો માટેની સંસ્થાઓ

(૪) માનસિક ક્ષતિવાળા બાળકો માટેની સંસ્થાઓ

(૫) નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અથવા અન્ય સક્ષમ સત્તા અધિકારી દ્વારા માન્યતા પ્રાપ્ત મહિલા સ્વસહાય જૂથ

(૬) **રાજયના** કુટીર ઉદ્યોગ કમિશનર દ્વારા માન્યતા પ્રાપ્ત ઉત્પાદિત સમૂહો

**નોંધ:** આ સંસ્થાઓ દ્વારા જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજવસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી જ ચીજવસ્તુઓની ખરીદી કરી શકાશે.

## (૯) નાણાંકીય મર્યાદા:

ઉપર પેરા-૮માં વર્ગીકૃત કરાયેલ સંસ્થાઓ/નિગમો પાસેથી નીચે દર્શાવેલ નાણાંકીય મર્યાદામાં જ વિના ટેન્ડરે ખરીદી કરી શકાશે.

**(૧)** કક્ષા:ક હેઠળ દર્શાવેલ સંસ્થાઓ દ્વારા જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજવસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી જ ચીજવસ્તુઓની ખરીદી રૂ.૫,૦૦,૦૦૦ની મર્યાદામાં ભાવપત્રક(ક્વોટેશન) મેળવ્યા સિવાય કરી શકાશે.

(૨) કક્ષા-ખ હેઠળ દર્શાવેલ સંસ્થાઓ દ્વારા જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજવસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી જ ચીજવસ્તુઓની ખરીદી રૂ.૨,૦૦,૦૦૦ની મર્યાદામાં ભાવપત્રક (કવોટેશન) મેળવ્યા સિવાય કરી શકાશે. રૂ.૨,૦૦,૦૦૦ થી રૂ.૫,૦૦,૦૦૦ સુધીની ખરીદી ટચૂકડી જાહેર ખબર આપી કક્ષા-ખ હેઠળ દર્શાવેલ સંસ્થાઓ પાસેથી ખુલ્લા ટેન્ડર મેળવીને ખરીદી કરી શકાશે, પરંતુ આવા ટેન્ડર ત્રણ કરતા ઓછા હશે તો તે માન્ય ગણાશે નહીં.

(૩) કક્ષા (ક) અને (ખ) હેઠળ દર્શાવેલ સંસ્થાઓ/નિગમો દ્વારા જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજવસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી જ ચીજવસ્તુઓની વાર્ષિક રૂ.૫,૦૦,૦૦૦/-થી વધુ રકમની ખરીદી વર્તમાનપત્રોમાં વિગતવાર

જાહેરખબર આપીને કરી શકાશે અને આવી ખરીદી માટે વંચાણે લીધેલ ક્રમ(૬) અને ક્રમ(૭) સામેના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ અને તા.૮/૭/૨૦૧૧ના ઠરાવો મુજબ ઇ–ટેન્ડરીંગ પદ્ધતિનો ફરજીયાતપણે અમલ કરવાનો રહેશે.

માન્ય સંસ્થાઓને માન્યતા આપતા આદેશોમાં જે આઇટમોનો ઉલ્લેખ થયેલ હોય તે આઇટમ પુરતી ઉપર દર્શાવેલ મર્યાદામાં વગર ટેન્ડરે ખરીદી થઇ શકશે. જે નિગમ/સંસ્થા માટે જે તે આઇટમ પૂરતો વિભાગ તરફથી ખાસ આદેશ આપવામાં આવેલ છે તે યથાવત રહેશે.

આ ખરીદીઓ અંદાજપત્રની જોગવાઇને આધીન કરવાની રહેશે.

## (૧૦) આરક્ષણમાંથી મુક્તિ:

રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), કુટિર અને લઘુ ઔધોગિક એકમો માટે આરક્ષિત ચીજવસ્તુઓનો સમાવેશ પરિશિષ્ટ 'ક', 'ખ', અને 'ગ' માં કરવામાં આવેલ છે. પરંતુ આ કારણે સારી ગુણવત્તા ધરાવતા માલસામાનની ખરીદી કરવામાં અથવા યોગ્ય હરીફાઈ ન થવાના કારણે મુશ્કેલી જણાય અથવા અન્ય કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તેવા કિસ્સાઓમાં ખરીદકર્તા કચેરીએ આરક્ષણમાંથી મુક્તિ માટે સચિવશ્રીઓની ખરીદ સમિતિ(SPC)ની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

## (૧૧) ભાવ કરાર:

(૧) ઉદ્યોગ કમિશનર અને મધ્યસ્થ સરંજામ ખરીદી અધિકારી (IC&CPO)ને વાર્ષિક ભાવ કરાર (Rate Contract)ની કામગીરી કરવા માટે આથી અધિકૃત કરવામાં આવેલ છે, આ સી.એસ.પી.ઓ.ના ભાવ કરાર હેઠળ સીધી ખરીદી કરવા માટે નીચે મુજબની મંજૂરીને આધીન ખરીદી કરી શકશે. સી.એસ.પી.ઓ.ના ભાવ કરાર અંગેની ટેન્ડર પ્રક્રિયામાં સ્પર્ધાત્મકતા થાય તેવા હેતુને ધ્યાને લેતાં ઇ.એમ.ડી.ની મહત્તમ મર્યાદા રૂ.દશ લાખ અને સીક્યોરીટી ડીપોઝીટની મહત્તમ મર્યાદા રૂ.વીશ લાખ રાખવાની રહેશે.

**(અ) સરકારી કચેરીઓ:**

અંદાજપત્રની જોગવાઇઓને આધીન ભાવ કરાર હેઠળ રૂપિયા એક લાખ સુધીની સીધી ખરીદી કરી શકાશે.

**(બ) ખાતાના વડાની કચેરીઓ:**

અંદાજપત્રની જોગવાઇઓને આધીન એક લાખથી વધુ અને એક કરોડ સુધીની સીધી ખરીદી કરી શકાશે.

**(ક) વહીવટી વિભાગો:**

અંદાજપત્રની જોગવાઇઓને આધીન એક કરોડથી વધુ અને પાંચ કરોડ સુધીની સીધી ખરીદી વિભાગની મંજૂરીથી કરી શકાશે.

**(ડ)** રૂ.પાંચ કરોડથી વધુ કિંમતમાં આવતી ચીજવસ્તુની ખરીદી માટે સેક્રેટરી પરચેઝ કમિટી **(**SPC**)**ની મંજૂરી લેવાની રહેશે.

(૨) ભારત સરકારના DGS&D દ્વારા પણ વિવિધ ચીજવસ્તુઓના ભાવ કરાર કરવામાં આવે છે, DGS&Dના ભાવ કરાર હેઠળ રૂ.પાંચ લાખની મર્યાદામાં સીધી ખરીદી કરી શકાશે, પરંતુ રૂ.પાંચ લાખથી વધુ રકમની ખરીદી માટે પેરા–૧૩માં દશાવેલ ખરીદ સમિતિઓની મંજૂરી મેળવવાની રહેશે.

(૩) ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લીમીટેડ (GMSCL), ગુજરાત ઈન્ફોરમેટીક લીમીટેડ (GIL) દ્વારા પણ કેટલીક ચીજવસ્તુઓના ભાવ કરાર કરવામાં આવે છે. ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લીમીટેડ (GMSCL), ગુજરાત ઈન્ફોરમેટીક લીમીટેડ(GIL)ના ભાવ કરાર મુજબ ખરીદી બજેટની જોગવાઇ અને નાણાંકીય સત્તા સોંપણીની મર્યાદામાં વિના ટેન્ડરે કરી શકાશે. ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લીમીટેડ (G.M.S.C.L), ગુજરાત ઈન્ફોરમેટીક લીમીટેડ(GIL)ના ભાવ કરાર અંગેની નીતિ જે તે વહીવટી વિભાગે પ્રસ્તુત ખરીદ નીતિને સુસંગત તૈયાર કરવાની રહેશે.

ભારત સરકારના DGS&D તથા ગુજરાત સરકારના CSPO, ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિમીટેડ (GMSCL), અને ગુજરાત ઈન્ફોરમેટીક લીમીટેડ(GIL)ના ભાવ કરાર સિવાય અન્ય કોઇ ભાવ કરાર હેઠળ વિના ટેન્ડરની ખરીદી થઇ શકશે નહી. દા.ત. ભાવ કરાર, રેટ કોન્ટ્રાક્ટ કે અન્ય કોઇ નામ હેઠળના કોન્ટ્રાક્ટ કે જે કેન્દ્રીય ભંડાર, નેશનલ કન્ઝયુમર કો–ઓપરેટીવ ફાઉન્ડેશન (NCCF) કે અન્ય કોઇ સંસ્થા દ્વારા કરવામાં આવેલ હોય તો તે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માન્ય નથી અને તેઓ પાસેથી વિના ટેન્ડરે સીધી ખરીદી થઇ શકશે નહી.

## (૧૨) બ્રાન્ડેડ આઇટમની ખરીદી:

સામાન્ય રીતે કોઇ ચોક્કસ આઇટમ માટે એક જ ઉત્પાદક બજારમાં ઉપલબ્ધ હોય અને સદર ચોક્કસ આઇટમની વિશિષ્ટ જરૂરિયાત હોય તેવા કિસ્સામાં બ્રાન્ડેડ આઇટમની ખરીદી કરવી યોગ્ય રહે. અન્યથા સમાન સ્પેશીફિકેશન ધરાવતી બ્રાન્ડ વચ્ચે સ્પર્ધા થાય તેવું લીમીટેડ ટેન્ડર કરવું ઇચ્છનીય છે તેમજ બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ખરીદી માટે સંબંધિત ખાતા/વિભાગના સચિવશ્રીનું ટેકનીકલ સ્પેશીફિકેશન અને ભાવના વ્યાજબીપણાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**નોંધ:** બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ખરીદી માટે નીચેની શરતો પરિપૂર્ણ થતી હોવી જોઇશે.

(અ) બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ખરીદવા માટે જે–તે વિભાગના સચિવશ્રી/અગ્રસચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રીનું પ્રમાણપત્ર તથા બજેટ જોગવાઇ અને વહીવટી મંજૂરીની નકલ.

(બ) બ્રાન્ડેડ ચીજવસ્તુઓ ખરીદી માટેની તાંત્રિક યથાર્થતા (ટેક્નીકલ જસ્ટીફીકિશન રીપોર્ટ) તથા ખાતાના વડાની સ્પષ્ટ ભલામણ.

(ક) બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ખરીદીની શરતો અને સંબંધિત સાહિત્ય અને ભાવની યથાર્થતા અંગેની વિગત.

(ડ) ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય તો ટેન્ડર ઇન્ક્વાયરીની વિગત અને કેસની ગુણવત્તા અનુસાર અન્ય સંબંધિત માહિતી.

## (૧૩) ખરીદ સમિતિઓ અને તેની સત્તા મર્યાદાઓ:

### (અ) ખરીદ નીતિના અમલીકરણ માટે નીચે મુજબની ખરીદ સમિતિઓ રહેશે.

### (૧) ડીપાર્ટમેન્ટલ પરચેજ કમિટી (DPC):

| | | |
|---|---|---|
| ૧ | ખાતાના વડા | અધ્યક્ષ |
| ૨ | નાયબ સચિવથી ઉતરતી કક્ષાના ન હોય તેવા, વહીવટી વિભાગના પ્રતિનિધિ | સભ્ય |
| ૩ | સિનિયર હિસાબી અધિકારી | સભ્ય |
| ૪ | વર્ગ–૧ થી ઉતરતી કક્ષાના ન હોય તેવા, મધ્યસ્થ સરંજામ ખરીદતંત્રના અધિકારી | સભ્ય |
| ૫ | વર્ગ–૧ થી ઉતરતી કક્ષાના ન હોય તેવા સિનિયર અધિકારી | સભ્ય સચિવ |
| ૬ | જરૂર હોય તો તકનિકી નિષ્ણાત | આમંત્રિત |

### (૨) સેક્રેટરીએટ ડીપાર્ટમેન્ટલ પરચેજ કમિટી (SDPC):

| | | |
|---|---|---|
| ૧ | સંબંધિત વિભાગના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષ |
| ૨ | સંબંધિત વિભાગના નાણાકિય સલાહકાર | સભ્ય |
| ૩ | નાયબ ઉદ્યોગ કમિશ્નર અથવા વર્ગ–૧ થી ઉતરતી કક્ષાના ન હોય તેવા, મધ્યસ્થ સરંજામ ખરીદતંત્રના પ્રતિનિધિ | સભ્ય |
| ૪ | સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી અથવા ખાતાના વડા | સભ્ય સચિવ |
| ૫ | જરૂર હોય તો તકનિકી નિષ્ણાત | આમંત્રિત |

### (૩) સેક્રેટરી પરચેજ કમિટી (SPC):

૧ માંગ યાદી રજૂ કરનાર કચેરીના વહીવટી વિભાગના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રી

૨ ઉદ્યોગ અને ખાણ વિભાગના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી

૩ સરકારના નાણા વિભાગના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી

૪ સંબધિત વિભાગની વિભાગીય ખરીદ સમિતિના વડા

૫ અધિક ઉદ્યોગ કમિશ્નર (સ.ખ.), ઉદ્યોગ કમિશનરની કચેરી – સભ્ય સચિવ

૬ જરૂર હોય તો તકનિકી નિષ્ણાત (આમંત્રિત

## (બ) ખરીદ સમિતિની ખરીદીની મંજૂરી અંગેની નાણાકિય મર્યાદા નીચે મુજબ રહેશે.

(૧) ડીપાર્ટમેન્ટલ પરચેઝ કમીટી (DPC):

| ક્રમ | ખરીદીનો પ્રકાર | ખરીદીની મંજૂરી અંગેની નાણાંકીય મર્યાદા |
|---|---|---|
| ૧ | સામાન્ય ખરીદી | રૂ. ૭૫,૦૦,૦૦૦/– સુધી |
| ૨ | સોલીટરી ઓફર | રૂ. ૧૦,૦૦,૦૦૦/– સુધી |
| ૩ | રિપીટ ઓર્ડર | રૂ. ૫,૦૦,૦૦૦/– સુધી |
| ૪ | તત્કાલ(ઇમરજન્સી) ખરીદી | રૂ.૧૦,૦૦,૦૦૦/– સુધી |
| ૫ | બ્રાન્ડેડ ખરીદી | સત્તા નથી |

(૨) સેક્રેટરીએટ ડીપાર્ટમેન્ટલ પરચેઝ કમિટિ (SDPC):

| ક્રમ | ખરીદીનો પ્રકાર | ખરીદીની મંજૂરી અંગેની નાણાંકીય મર્યાદા |
|---|---|---|
| ૧ | સામાન્ય ખરીદી | રૂ.૭૫,૦૦,૦૦૦ થી વધુ અને રૂ.૫,૦૦,૦૦,૦૦૦ સુધી |
| ૨ | સોલીટરી ઓફર | રૂ.૧૦,૦૦,૦૦૦ થી વધુ અને રૂ.૫૦,૦૦,૦૦૦ સુધી |
| ૩ | રિપીટ ઓર્ડર | રૂ.૫,૦૦,૦૦૦ થી વધુ અને રૂ.૫૦,૦૦,૦૦૦ સુધી |
| ૪ | તત્કાલ(ઇમરજન્સી) ખરીદી | રૂ.૧૦,૦૦,૦૦૦થી વધુ અને રૂ.૩૦,૦૦,૦૦૦ સુધી |
| ૫ | બ્રાન્ડેડ ખરીદી | રૂ.૧૦,૦૦,૦૦૦ સુધી |

(૩) સેક્રેટરી પરચેઝ કમિટી (SPC):

| ક્રમ | ખરીદીનો પ્રકાર | ખરીદીની મંજૂરી અંગેની નાણાંકીય મર્યાદા |
|---|---|---|
| ૧ | સામાન્ય ખરીદી | રૂ. ૫,૦૦,૦૦૦,૦૦/– થી વધુ |
| ૨ | સોલીટરી ઓફર | રૂ. ૫૦,૦૦,૦૦૦/– થી વધુ |
| ૩ | રિપીટ ઓર્ડર | રૂ. ૫૦,૦૦,૦૦૦/– થી વધુ |
| ૪ | તત્કાલ(ઇમરજન્સી) ખરીદી | રૂ, ૩૦,૦૦,૦૦૦/– થી વધુ |
| ૫ | બ્રાન્ડેડ ખરીદી | રૂ. ૧૦,૦૦,૦૦૦/– થી વધુ |

ઉપર વંચાણે લીધેલ ક્રમ (૪), (૫) અને (૮) સામે દર્શાવેલ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૮/૧/૨૦૦૩, તા.૨૧/૫/૨૦૦૩ અને તા.૨૭/૧૨/૨૦૧૧ના ઠરાવથી ખરીદ સમિતિઓની રચના અને આવી સમિતિઓને આપવામાં આવેલ નાણાકિય સત્તાઓ અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે, તેમાં ઉપર મુજબ ફેરફાર કરવામાં આવે છે, પરંતુ સદરહુ ઠરાવની અન્ય શરતો અને ત્યારબાદ વખતોખવત બહાર પાડવામાં આવેલ સૂચનાઓ યથાવત રહેશે.

**નોંધ:**

(I) સોલીટરી ઓફર: સોલીટરી ઓફર એટલે કે એક જ ટેન્ડર મળેલ હોય અને/અથવા તાંત્રિક ચકાસણીમાં માત્ર એક જ ટેન્ડર સ્વીકાર્ય રહેતું હોય તેવા કિસ્સામાં પણ બીડર પેઢીનું ફાયનાન્સીયલ બીડ ઓપન કરવાનું રહે છે. સોલીટરી ઓફર અથવા સ્પર્ધા મર્યાદિત થયેલ હોય તેવા કિસ્સામાં ખરીદી અંગેના આખરી નિર્ણય માટે ભાવના વાજબીપણાનો આધાર લેવાનો રહેશે. બીડર પેઢીઓ દ્વારા ઓફર કરવામાં આવેલ ભાવ સામે તે જ ચીજવસ્તુઓના બજારભાવ (માર્કેટસર્વે), ટેન્ડર પ્રસિધ્ધ કરનાર કચેરી–ઇન્ડેન્ટર કચેરીની છેલ્લી ખરીદીની વિગતો, બીડર પેઢી દ્વારા આ ચીજવસ્તુઓ કયા ભાવે સપ્લાય કરે છે તેની વિગત માટે સાયન્ટીફિક માર્કેટસર્વે કરી ભાવના વાજબીપણાનો અભિપ્રાય સાથે ખરીદી અંગેનો એજન્ડા જે તે સમિતિ સમક્ષ નિર્ણય અર્થે રજૂ કરવાનો રહેશે.

(II) રિપિટ ઓર્ડર: ટેન્ડર પ્રક્રિયા અનુસર્યા સિવાય મૂળ ઓર્ડરની સામે બીડર પેઢી પાસેથી રીપીટ ઓર્ડર નીચેની શરતોને આધીન આપી શકાશે.

(ક) મુળ ઓર્ડરની તારીખથી છ માસની અંદર અથવા નાણાકીય વર્ષ પુરુ થાય તે પહેલાં અને માત્ર એક જ વખત રીપીટ ઓર્ડર આપી શકાશે, પરંતુ આવા દરેક પ્રસંગે સાથોસાથ જ નવા ટેન્ડર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી શરૂ કરવાની રહેશે.

(ખ) ઓરીજીનલ ટેન્ડર સ્વીકૃતિ પત્રથી ખરીદી માટે આપવામાં આવેલ ઓર્ડરના ૫૦% અથવા તેથી ઓછા જથ્થાની ખરીદી કરી શકાશે.

(ગ) રીપીટ ઓર્ડર હેઠળ ચીજવસ્તુઓની ખરીદી કરનાર કચેરીએ મૂળ ઓર્ડર હેઠળ જે માલની ખરીદી કરેલ છે તે માલની પ્રવર્તમાન બજાર કિંમતમાં ઘટાડો થયેલ નથી તથા ટેક્નોલોજી અપગ્રેડેશન થયેલ નથી તે બાબતનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(III) તત્કાલ (ઇમરજન્સી) ખરીદી:

(ક) એકવીશ(૨૧) દિવસથી ઓછા દિવસ માટે ટેન્ડર પ્રસિધ્ધ થયેલ હોય તેવી ખરીદીને તત્કાલ (ઇમરજન્સી) ખરીદી ગણવાની રહેશે.

(ખ) તત્કાલ ખરીદીના કિસ્સામાં ટેન્ડર પ્રસિધ્ધિનો સમયગાળો ઓછામાં ઓછો સાત દિવસનો હોવો જોઇશે.

(ગ) તત્કાલ ખરીદીના કિસ્સામાં સંબંધિત વહીવટી વિભાગના સચિવશ્રીનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ તત્કાલ ખરીદીની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(ઘ) અસાધારણ પ્રકારની તત્કાલ ખરીદી જેવી કે રોગચાળો, કુદરતી આપત્તિ, રમખાણો વગેરેના સંજોગોમાં ટેન્ડર પ્રસિધ્ધનો સમયગાળો સાત દિવસથી ઓછો રાખવા માટે સંબંધિત વહીવટી વિભાગના સચિવશ્રી દ્વારા તત્કાલ ખરીદીના પ્રમાણપત્રમાં ખાસ સંજોગો અને ખરીદીની યથાર્થતા દર્શાવતા કારણોની નોંધ કરવાની રહેશે.

## (૧૪) અમલીકરણ:

(અ) આ નીતિનો અમલ રાજ્ય સરકારના વિભાગો, ખાતાના વડાઓ, કચેરીઓ, ઓથોરીટી, સરકારમાંથી ગ્રાન્ટ મેળવતા બોર્ડ/નિગમો સોસાયટીઓ વિગેરેએ ચૂસ્તપણે કરવાનો રહેશે.

(બ) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓએ પોતાની ખરીદ નીતિ, આ ખરીદ નીતિને સુસંગત તૈયાર કરવાની રહેશે.

(ક) વંચાણે લીધેલ ક્રમ:૧ સામેના તા.૨૩/૯/૧૯૯૭ના ઠરાવ રદ થવા છતાં સદરહુ ઠરાવની જોગવાઇને આધીન વિભાગ દ્વારા વિના ટેન્ડરે ખરીદી માટે વ્યક્તિગત કિસ્સામાં આપવામાં આવેલ માન્યતા અંગેના હુકમો, તેવા હુકમોમાં દશાવેલ શરતોને આધીન, તેવા હુકમમાં દર્શાવેલ સમય–મર્યાદા સુધી અમલમાં રહેશે.

(ડ) આ નીતિના અમલીકરણમાં થતાં ભંગ અંગે ઉધોગ કમિશનર તરફથી ચકાસણી કરી તે અંગેનો અહેવાલ સરકારશ્રીના જે તે વહીવટી વિભાગને મોકલવામાં આવશે, અને સંબંધિત વહીવટી વિભાગે તેમના અભિપ્રાય સાથેનો અહેવાલ ઉધોગ અને ખાણ વિભાગને મોકલવાનો રહેશે અને આ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

(ઇ) આ નીતિના અમલીકરણમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે ઉધોગ અને ખાણ વિભાગનો પરામર્શ કરવાનો રહેશે અને ઉધોગ અને ખાણ વિભાગનું અર્થઘટન અંતિમ અને બંધનકર્તા રહેશે.

આ ઠરાવ સમાન ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૯/૧૦/૨૦૧૫, ૨૨/૨/૨૦૧૬, ૨૬/૦૪/૨૦૧૬ અને તા.૧/૬/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(મહેન્દ્ર આર. સોની)**
ઉપ સચિવ
ઉધોગ અને ખાણ વિભાગ

**પ્રતિ**

1. *માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
2. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
3. તમામ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
4. તમામ માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
5. તમામ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
6. માન.અધ્યક્ષશ્રી, કાર્યક્રમ અમલીકરણ સમિતિના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
7. માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

8. માન.મુખ્ય દંડકશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
9. અધિક મુખ્ય સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય ગાંધીનગર
10. અગ્ર સચિવશ્રી (પ્રવાસન), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય ગાંધીનગર
11. સચિવશ્રી (કુટિર અને ગ્રામોધોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય ગાંધીનગર
12. તમામ શાખાઓ/અધિકારીશ્રીઓ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
13. નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
14. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
15. વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર
16. ઉધોગ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ઉધોગ ભવન, ગાંધીનગર (૫૦૦ નકલો સાથે)
17. અધિક ઉધોગ કમિશનરશ્રી(સ.ખ.), ઉધોગ કમિશનરશ્રીની કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર
18. સચિવાલયના તમામ વિભાગો... તેમના તાબા હેઠળના તમામ ખાતાના વડા/તાબાની/કચેરીઓ/બોર્ડ/ કોર્પોરેશન/સંસ્થાઓ/સોસાયટીઓ/યુનિવર્સિટી અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ સહિત સંબંધિત સર્વેને જાણ કરવાની વિનંતી સહ..
19. ઉધોગ અને ખાણ વિભાગ હેઠળના તમામ ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/સોસાયટી/ યુનિવર્સિટી તરફ..તાબા હેઠળની કચેરીઓને જાણ કરવાની વિનંતી સહ, જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.
20. સર્વે ખાતાના વડા/બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાઓ/સોસાયટીઓ/યુનિવર્સિટીઓ.
21. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
22. *સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
23. *સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
24. *રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા-અમદાવાદ
25. *રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, ગાંધીનગર
26. કમિશનરશ્રી, સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશન (સ્પીપા),અમદાવાદ.
27. તમામ કલેકટરશ્રીઓ
28. તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
29. નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
30. હિસાબ અને તિજોરી અધિકારીશ્રીઓ
31. તમામ પેટા તિજોરી અધિકારીશ્રીઓ
32. તમામ મદદનીશ નિરીક્ષકશ્રીઓ (સ્થાનિક નિધિ હિસાબ)
33. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર, નર્મદા-ગાંધીનગર અને વડોદરા
34. સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ-ગાંધીનગર
35. તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ
36. માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.... જરૂરી પ્રેસ નોંધ પ્રસિધ્ધ કરવા સારૂ.
37. કોમ્પ્યુટર સેલ, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર..વિભાગની વેબ-સાઇટ ઉપર મૂકવાની વિનંતી સહ.
38. શાખા પસંદગી ફાઈલ.
39. નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.

ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ. તા.૦૩/૦૬/૨૦૧૬નું

## પરિશિષ્ટ–ક

### સમગ્ર દેશના અતિ નાના (સૂક્ષ્મ) અને લઘુ ઔદ્યોગિક એકમો માટે આરક્ષિત ૧૭૪ ચીજવસ્તુઓ

| Sr.No | No. Mentioned in List of Govt. of India List (358) | Description of Item |
|---|---|---|
| 1 | 8. | Augur (Carpenters) |
| 2 | 9. | Automobile Head lights Assembly |
| 3 | 15 | Bath tubs |
| 4 | 16 | Battery Charger |
| 5 | 17 | Battery Eliminator |
| 6 | 19 | Belt leather & straps |
| 7 | 20 | Bench Vices |
| 8 | 29 | Boxes Leather |
| 9 | 33 | Brass Wire |
| 10 | 38 | Button of all types (except plastic) |
| 11 | 39 | Candle Wax Carriage |
| 12 | 40 | Cane Valves/stock valves (for water fittings only) |
| 13 | 41 | Cans metallic (for milk & measuring) |
| 14 | 42 | Canvas Products:<br>(a) Water Proof Deliver, Bags to spec. No. IS - 1422/70<br>(b) Bonnet Covers & Radiators Muff. to spec. Drg.Lv7/NSN/IA/ 130295 |
| 15 | 43 | Caps Cotton & Woollen |
| 16 | 44 | Caps Waterproof |
| 17 | 47 | Centrifugal steel plate blowers |
| 18 | 48 | Centrifugal Pumps suction & delivery 150 mm. x 150 mm |
| 19 | 49 | Chaff Cutter Blade |
| 20 | 50 | Chains lashing |
| 21 | 52 | Chamois Leather |
| 22 | 53 | Chokes for light fitting |
| 23 | 54 | Chrome Tanned leather (Semi-finished Buffalo & Cow) |
| 24 | 55 | Circlips |
| 25 | 56 | Claw Bars and Wires |
| 26 | 60 | Cloth Jaconet |
| 27 | 61 | Cloth Sponge |
| 28 | 62 | Coir fibre and Coir yarn |
| 29 | 63 | Coir mattress cushions and matting |
| 30 | 64 | Coir Rope hawserlaid |

| | | |
|---|---|---|
| 31 | 65 | Community Radio Receivers |
| 32 | 66 | Conduit pipes |
| 33 | 67 | Copper nail |
| 34 | 68 | Copper Napthenate |
| 35 | 69 | Copper sulphate |
| 36 | 70 | Cord Twine Maker |
| 37 | 71 | Cordage Others |
| 38 | 88 | (a) Crucibles up to No. 200<br>(b) Crucibles Graphite up to No. 500<br>(c) Other Crucibles up to 30 kgs. |
| 39 | 90 | Curtains mosquito |
| 40 | 91 | Cutters |
| 41 | 92 | Dibutyl phthalate |
| 42 | 94 | Dimethyl Phthalate |
| 43 | 97 | Domestic Electric appliances as per BIS Specifications: Toaster Electric, Elect. Iron, Hot Plates, Elect. Mixer, Grinders Room heaters & convectors and ovens |
| 44 | 102 | Dust Shield leather |
| 45 | 105 | Electric Call bells/buzzers/door bells |
| 46 | 106 | Electric Soldering Iron |
| 47 | 107 | Electric Transmission Line Hardware items like steel cross bars, cross, arms clamps arching horn, brackets, etc |
| 48 | 108 | Electronic door bell |
| 49 | 111 | Equipment camouflage Bamboo support |
| 50 | 112 | Exhaust Muffler |
| 51 | 113 | Expanded Metal |
| 52 | 114 | Eyelets |
| 53 | 115 | Film Polythene - including wide width film |
| 54 | 116 | Film spools & cans |
| 55 | 117 | Fire Extinguisher (wall type) |
| 56 | 118 | Foot Powder |
| 57 | 119 | French polish |
| 58 | 120 | Funnels |
| 59 | 121 | Fuse Cut outs |
| 60 | 122 | Fuse Unit |
| 61 | 124 | Gas mantels |
| 62 | 131 | Grease Nipples & Grease guns |
| 63 | 132 | Gun cases |
| 64 | 133 | Gun Metal Bushes |
| 65 | 134 | Gumtape |
| 66 | 136 | Hand gloves of all types |
| 67 | 137 | Hand Lamps Railways |
| 68 | 138 | Hand numbering machine |
| 69 | 139 | Hand pounded Rice (polished and unpolished) |

| | | |
|---|---|---|
| 70 | 140 | Hand presses |
| 71 | 144 | Harness Leather |
| 72 | 145 | Hasps & Staples |
| 73 | 146 | Haver Sacks |
| 74 | 147 | Helmet Non-Metallic |
| 75 | 148 | Hide and country leather of all types |
| 76 | 149 | Hinges |
| 77 | 150 | Hob nails |
| 78 | 151 | Holdall |
| 79 | 153 | Horse and Mule Shoes |
| 80 | 156 | Invalid wheeled chairs. |
| 81 | 157 | Invertor domestic type upto 5 kvA |
| 82 | 159 | Key board wooden |
| 83 | 161 | Kodali |
| 84 | 162 | Lace leather |
| 85 | 163 | Lamp holders |
| 86 | 164 | Lamp signal |
| 87 | 165 | Lanterns Posts & bodies |
| 88 | 166 | Lanyard |
| 89 | 167 | Latex foam sponge |
| 90 | 168 | Lathies |
| 91 | 169 | Letter Boxes |
| 92 | 170 | Lighting Arresters - upto 22 kv |
| 93 | 171 | Link Clip |
| 94 | 172 | Linseed Oil |
| 95 | 173 | Lint Plain |
| 96 | 175 | Lubricators |
| 97 | 176 | L.T. Porcelain KITKAT & Fuse Grips |
| 98 | 177 | Machine Screws |
| 99 | 178 | Magnesium Sulphate |
| 100 | 179 | Mallet Wooden |
| 101 | 181 | Measuring Tapes and Sticks |
| 102 | 182 | Metal clad switches (upto 30 Amps) |
| 103 | 184 | Metallic containers and drums other than N.E.C. (Not elsewhere classified) |
| 104 | 185 | Metric weights |
| 105 | 186 | Microscope for normal medical use |
| 106 | 187 | Miniature bulbs (for torches only) |
| 107 | 188 | M.S. Tie Bars |
| 108 | 192 | Nickel Sulphate |
| 109 | 193 | Nylon Stocking |
| 110 | 194 | Nylon Tapes and Laces |
| 111 | 197 | Pad locks of all types |

| | | |
|---|---|---|
| 112 | 199 | Palma Rosa Oil |
| 113 | 200 | Palm gur |
| 114 | 201 | Pans Lavatory Flush |
| 115 | 206 | Piles fabric |
| 116 | 207 | Pillows |
| 117 | 211 | Playing Cards |
| 118 | 215 | Post Picket (Wooden) |
| 119 | 216 | Postal Lead seals |
| 120 | 217 | Potassium Nitrate |
| 121 | 219 | Pressure Die Casting upto 0.75 kg |
| 122 | 220 | Privy Pans |
| 123 | 221 | Pulley Wire |
| 124 | 227 | Railway Carriage light fittings |
| 125 | 228 | Rakes Ballast |
| 126 | 232 | Rivets of all types |
| 127 | 236 | Rubber Cord |
| 128 | 239 | Rubberized Garments Cap and Caps etc |
| 129 | 240 | Rust/Scale Removing composition |
| 130 | 241 | Safe meat & milk |
| 131 | 242 | Safety matches |
| 132 | 243 | Safety Pins(and other similar products like paper pins, staples pins etc) |
| 133 | 244 | Sanitary Plumbing fittings |
| 134 | 245 | Sanitary Towels |
| 135 | 247 | Scissors cutting (ordinary) |
| 136 | 249 | Sheep skin all types |
| 137 | 250 | Shellac |
| 138 | 252 | Shovels |
| 139 | 254 | Silk ribbon |
| 140 | 255 | Silk Webbing |
| 141 | 256 | Skiboots & shoes |
| 142 | 258 | Snapfastner (Excluding 4 pcs. ones) |
| 143 | 260 | Soap Curd |
| 144 | 264 | Soap Yellow |
| 145 | 265 | Socket/pipes |
| 146 | 266 | Sodium Nitrate |
| 147 | 268 | Sole leather |
| 148 | 270 | Spiked boot |
| 149 | 271 | Sports shoes made out of leather (for all Sports games) |
| 150 | 273 | Stapling machine |
| 151 | 283 | Stockinet |
| 152 | 284 | Stone and stone quarry rollers |
| 153 | 288 | Student Microscope |

| | | |
|---|---|---|
| 154 | 292 | Tack Metallic |
| 155 | 295 | Teak fabricated round blocks |
| 156 | 296 | Tent Poles |
| 157 | 297 | Tentage Civil/Military & Salitah Jute for Tentage |
| 158 | 301 | Tin can unprinted up to 4 gallons capacity (other than can O.T.S.) |
| 159 | 302 | Tin Mess |
| 160 | 303 | Tip Boots |
| 161 | 305 | Toilet Rolls |
| 162 | 306 | Transformer type welding sets conforming to IS:1291/75 (upto 600 amps) |
| 163 | 307 | Transistor Radio up to 3 band |
| 164 | 308 | Transistorised Insulation - Testers |
| 165 | 322 | Water Proof paper |
| 166 | 323 | Water tanks up to 15,000 litres capacity |
| 167 | 324 | Wax sealing |
| 168 | 325 | Waxed paper |
| 169 | 327 | Welded Wiremash |
| 170 | 328 | Wheel barrows |
| 171 | 329 | Whistle |
| 172 | 331 | Wind Shield Wipers (Arms & Blades only) |
| 173 | 334 | Wire nails and Horse shoe nails |
| 174 | 336 | Wood Wool |



ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ. તા.૦૩/૦૬/૨૦૧૬નું

## પરિશિષ્ટ–ખ

### રાજ્યના અતિ નાના (સૂક્ષ્મ) અને લઘુ ઔદ્યોગિક એકમો માટે આરક્ષિત ૧૮૮ ચીજવસ્તુઓ

| Sr. No | No. Mentioned in List of Govt. of India List (358) | Description of Item |
|---|---|---|
| 1 | 1 | AAC(all aluminum conductor) and/or ACSR(aluminum conductor steel reinforced) Conductor up to 19 strands |
| 2 | 2 | Agricultural Implements, Bullock cart Axles<br>(a) Hand Operated tools, (b) Animal driven implements |
| 3 | 3 | Air/Room Coolers |
| 4 | 4 | Aluminum hardware |
| 5 | | Aluminum utensils |
| 6 | | Aluminum Milk cans & measures |
| 7 | 5 | Ambulance stretcher |
| 8 | 6 | Ammeters/ohm meter/Volt meter (Electro magneticupto Class I accuracy) |
| 9 | 7 | Anklets Web Khaki |
| 10 | 10 | Badges cloth embroidered and metals |
| 11 | 12 | Bandage cloth |
| 12 | 13 | Barbed Wire |
| 13 | 14 | Basket cane (Procurement can also be made from State Forest Corpn. and State Handicrafts Corporation) |
| 14 | 18 | Beam Scales (up to 1.5 tons) |
| 15 | 21 | Bituminous Paints |
| 16 | 22 | Blotting Paper |
| 17 | 23 | Bolts & Nuts |
| 18 | 24 | Bolts Sliding |
| 19 | 25 | Bone Meal |
| 20 | 26 | Boot Polish |
| 21 | 27 | Boots & Shoes of all types including canvas shoes |
| 22 | 28 | Bowls |
| 23 | 30 | Boxes made of metals |
| 24 | 31 | Braces |
| 25 | 32 | Brackets other than those used in Railways |
| 26 | 34 | Brief Cases (other than moulded luggage) |
| 27 | 35 | Brooms |
| 28 | 36 | Brushes of all types |
| 29 | 37 | Water Buckets |

| | | |
|---|---|---|
| 30 | 45 | Castor Oil |
| 31 | 46 | Ceiling roses upto 15 amps |
| 32 | 51 | Chappals and sandals |
| 33 | 57 | Cleaning Powder |
| 34 | 58 | Clinical Thermometers |
| 35 | 72 | Corrugated Paper Board & Boxes |
| 36 | 73 | Cotton Absorbent |
| 37 | 74 | Cotton Belts |
| 38 | 75 | Cotton Carriers |
| 39 | 76 | Cotton Cases |
| 40 | 77 | Cotton Cord Twine |
| 41 | 78 | Cotton Hosiery |
| 42 | 79 | Cotton Packs |
| 43 | 80 | Cotton Pouches |
| 44 | 81 | Cotton Ropes |
| 45 | 82 | Cotton Singlets |
| 46 | 83 | Cotton Sling |
| 47 | 84 | Cotton Straps, Cotton string (waxed/Non waxed, Sewing-thread |
| 48 | 85 | Cotton tapes and laces |
| 49 | 86 | Cotton Wool (Non absorbent) |
| 50 | 87 | Crates Wooden & plastic |
| 51 | 89 | Cumblies & blankets |
| 52 | | Chain pulley block |
| 53 | 257 | Sluice valve |
| 54 | | Clip Board |
| 55 | | Conduit Pipes metallic |
| 56 | | Cotton Garments, Clothes, Apparels & madeups |
| 57 | | Cardboard boxes |
| 58 | 93 | Diesel engines up to 15 H.P |
| 59 | 95 | Disinfectant Fluids |
| 60 | 96 | Distribution Board up to 15 amps |
| 61 | 99 | Drawing & Mathematical Instruments |
| 62 | 100 | Drums & Barrels (For liquid storage) |
| 63 | 101 | Dust Bins(up to 10 ltr) |
| 64 | 104 | Dyes: (a) Azo Dyes (Direct & Acid), (b) Basic Dyes |
| 65 | 109 | Emergency Light (Rechargeable type) |
| 66 | 110 | Enamel Wares & Enamel Utensils |
| 67 | | Electric motors up to 10 HP. |
| 68 | 123 | Garments (excluding supply from Indian Ordnance Factories) |
| 69 | 125 | Gauze cloth |
| 70 | 126 | Gauze surgical all types |
| 71 | 127 | Ghamellas (Tasllas) |

| | | |
|---|---|---|
| 72 | 128 | Glass Ampules |
| 73 | 129 | Glass & Pressed Wares |
| 74 | 130 | Glue |
| 75 | | Glue tapes all types |
| 76 | 135 | Hand drawn carts of all type |
| 77 | 141 | Hand Pump& its parts |
| 78 | 142 | Hand Tools of all types |
| 79 | 143 | Handles wooden and bamboo (Procurement can also be made from Gujarat State Forest Development Corporation and Gujarat Handloom and Handicrafts Development Corporation) |
| 80 | 152 | Honey |
| 81 | 154 | Hydraulic Jacks below 30 ton capacity |
| 82 | 155 | Dust(Powder) and liquid Sprayers for insecticides (Manual only) |
| 83 | 158 | Iron (dhobi) |
| 84 | 160 | Tool kit box made from Sheet metal (empty) |
| 85 | 174 | Lockers |
| 86 | | LT Porceline insulator & fuse grips |
| 87 | 180 | Manhole covers |
| 88 | | Metal Polish |
| 89 | 189 | Nail Cutters |
| 90 | 190 | Naphthalene Balls |
| 91 | 191 | Newar (plastic box strappings) |
| 92 | 195 | Oil Bound Distemper |
| 93 | 196 | Oil Stove & Wick Stove only |
| 94 | 198 | Paint remover |
| 95 | 203 | Paper Tapes (Gummed) |
| 96 | | Paper weight |
| 97 | 204 | Papads |
| 98 | 205 | Pickles & Chutney |
| 99 | 208 | Plaster of Paris |
| 100 | 209 | Plastic Containers up to 20 liter excluding Poly Ethylene Terphthalate (PET) Containers |
| 101 | 210 | Plastic cane |
| 102 | | Plastic Pen |
| 103 | | Plastic Button |
| 104 | 212 | Plugs & Sockets electric up to 15 Amp |
| 105 | 213 | Polythene bags |
| 106 | 214 | Polythene Pipes |
| 107 | 218 | Pouches |
| 108 | 222 | PVC foot wears |
| 109 | 223 | PVC pipes up to 110 mm |
| 110 | 224 | PVC Insulated Aluminum Cables (up to 120 sq. mm) (ISS:694) |

| | | |
|---|---|---|
| 111 | 98 | Domestic (House Wiring) P.V.C. Cables and Wires (Aluminum) Conforming to the prescribed BIS Specifications and up to 10.00 mm sq. nominal cross section |
| 112 | | Polythene film, geometry compass, geometrical compass |
| 113 | | Pencil |
| 114 | 226 | Rags |
| 115 | 229 | Razors |
| 116 | 230 | RCC Pipes up to 1200 mm. dia |
| 117 | 231 | RCC Poles Prestressed |
| 118 | 233 | Rolling Shutters |
| 119 | 234 | Roof light Fittings |
| 120 | 235 | Rubber Balloons |
| 121 | 237 | Rubber Hoses (Unbranded) |
| 122 | 238 | Rubber Tubing (Excluding braided tubing) |
| 123 | 246 | Scientific Laboratory glass wares (Barring sophisticated items) |
| 124 | 248 | Screws of all types including High Tensile |
| 125 | 253 | Sign Boards painted |
| 126 | 259 | Soap Carbolic |
| 127 | 261 | Soap Liquid |
| 128 | 262 | Soap Soft |
| 129 | 263 | Soap washing or laundary soap |
| 130 | 267 | Sodium Silicate |
| 131 | | Spade Big Pedal |
| 132 | 269 | Spectacle frames |
| 133 | 272 | Squirrel Cage Induction Motors up to and including 100 KW440 volts 3 phase |
| 134 | 274 | Steel Almirah |
| 135 | 275 | Steel beds stead |
| 136 | 276 | Steel Chair |
| 137 | 277 | Steel desks |
| 138 | 278 | Steel racks/shelf |
| 139 | 279 | Steel stools |
| 140 | 280 | Steel trunks |
| 141 | 281 | Steel wool |
| 142 | 282 | Steel & aluminum windows and ventilators |
| 143 | 286 | Stranded Wire |
| 144 | 287 | Street light fittings |
| 145 | | Stone ware Pipes |
| 146 | 285 | Stone ware Jars |
| 147 | 289 | Studs (excluding high tensile) |
| 148 | 290 | Surgical Gloves (Except Plastic) |
| 149 | 291 | Table knives (Excluding Cutlery) |
| 150 | 293 | Taps |
| 151 | 294 | Tarpaulins |

| | | |
|---|---|---|
| 152 | 298 | Other Textiles products manufactured, N.E.C. (not elsewhere classified) |
| 153 | 299 | Tiles, (Cement & Ceramic tiles) |
| 154 | 300 | Tin Boxes for postage stamp |
| 155 | 304 | Toggle Switches |
| 156 | 309 | Trays, including metal tray |
| 157 | 310 | Trays for postal use |
| 158 | 311 | Un-motorized Trolley up to 50 Kg capacity |
| 159 | 312 | Trollies - drinking water |
| 160 | 313 | Tubular Poles |
| 161 | 314 | Tyres & Tubes (Cycles) |
| 162 | 315 | Umbrellas |
| 163 | 316 | Utensils all types |
| 164 | 317 | Valves Metallic |
| 165 | 318 | Varnish Black Japan |
| 166 | 319 | Voltage Stablisers including C.V.T's |
| 167 | 320 | Washers all types |
| 168 | 321 | Water Proof Covers |
| 169 | 326 | Weighing Scale |
| 170 | 330 | Wicks cotton |
| 171 | 332 | Wire brushes and Fiber Brushes, Wire adjusting screw |
| 172 | 333 | Wire Fencing & Fittings |
| 173 | 335 | Wire nettings of gauze thicker than 100 mesh size |
| 174 | 337 | Wooden ammunition boxes |
| 175 | 338 | Wooden Boards |
| 176 | 339 | Wooden Box for Stamps |
| 177 | 340 | Wooden Boxes and Cases N.E.C. (Not elsewhere classified) |
| 178 | 341 | Wooden Chairs |
| 179 | | Wooden crates |
| 180 | 342 | Wooden Flush Door Shutters |
| 181 | 343 | Wooden packing cases all sizes |
| 182 | 344 | Wooden pins |
| 183 | 345 | Wooden plugs |
| 184 | 346 | Wooden shelves |
| 185 | 347 | Wooden veneers |
| 186 | 348 | Woollen hosiery |
| 187 | 349 | Zinc Sulphate |
| 188 | 350 | Zip Fasteners |

ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ. તા.૦૩/૦૬/૨૦૧૬નું

## પરિશિષ્ટ–ગ

### રાજ્યના કુટીર ઉધોગ માટે આરક્ષિત ૩૦ ચીજવસ્તુઓ

| Sr. No | No. mentioned in List of Govt. of India List (358) | Item Description |
|---|---|---|
| 1. | 11 | Bags of all types i.e. made of leather, canvas & jute etc. including kit bags, mail bags, sleeping bags & water-proof bag |
| 2. | 59 | Cloth Cover |
| 3. | 103 | Cotton duster |
| 4. | 202 | Paper conversion products, paper bags, envelopes, Ice-cream cup |
| 5. | 225 | Cotton quilts, Razais |
| 6. | 251 | Shoes laces |
| 7. | 351 | Cane furniture |
| 8. | 352 | Bamboo file tray, Baskets, Pencil stand, side racks etc. |
| 9. | 353 | Artistic Wooden Furniture |
| 10. | 354 | Wooden paper weight, racks etc. |
| 11. | 355 | Glass covers made of wood and grass jute |
| 12. | 356 | Jute furniture |
| 13. | 357 | Jute bags, file cover |
| 14. | 358 | Woolen & silk carpets |
| 15. | | Cotton cloth for packing |
| 16. | | Handloom Curtain Cloth |
| 17. | | Sofa durrie, Car seat durrie, Doormat |
| 18. | | Cotton cases |
| 19. | | Sponge of Cloth |
| 20. | | Purses, small bag of cotton cloth |
| 21. | | Cotton ropes |
| 22. | | Cotton twisted strings |
| 23. | | Coir Doormat, Bags, Purses |
| 24. | | Sankheda Furniture |
| 25. | | Cotton File Cover |
| 26. | | Broom |
| 27. | | Brush |
| 28. | | Candle |
| 29. | | Wooden vendor lorry (હાથલારી) |
| 30. | | Wooden boards |

ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ. તા.૦૩/૦૬/૨૦૧૬નું

## પરિશિષ્ટ–ઘ

*Supply of material to be purchased*
*By Government Departments/Offices-*
*Consideration of Quotation for-*

GOVERNMENT OF GUJARAT
Finance Department
Circular No.STA-2752/1173-K,
Sachivalaya, Ahmedabad,
Dated the 2nd May, 1962

*CIRCULAR*

A question regarding consideration of quotations from suppliers liable to pay tax, under the Sales Tax laws for supply of materials to be purchased by Government Department or Offices was under consideration of Government for Some time past. Government is now pleased to direct that in considering quotations from suppliers liable to pay sale tax/General Sales Tax to the Government of this State, the amount of tax so payable should be left out of accounts; while in the case of suppliers who have to pay Sales Tax under the local State Sales Tax law or the Central Sales Tax Act, 1956 to the Government of any other State, the amount of Such taxes should be considered. The comparative quotations computed on the above basis should then be considered on merits.

By order and in the name of the Government of Gujarat,

Sd/-
K.J.GHODA
Under Secretary to the Govt. of Gujarat
Finance Department

To,
All Secretariat Departments
All Heads of Departments/Offices
The Accountant General, Gujarat State, Ahmedabad.
The Accountant General, Rajkot.
The Pay and Account Officer, Ahmedabad.

ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ. તા.૦૩/૦૬/૨૦૧૬નું

## પરિશિષ્ટ–ચ

*Supply of material to be purchased*
*By Government Departments/Offices-*
*Consideration of Quotation for-*

**GOVERNMENT OF GUJARAT**
**FINANCE DEPARTMENT**
Circular No.GST 1070/6246-TH,
Sachivalaya, Gandhinagar
Dated the 30th January, 1971

Read: Government Circular, Finance Department No.STA-2752/1173-K,
Dated the 2nd May, 1962 (Reproduced Below)

*CIRCULAR*

Read: Government Circular, Finance Department No. Circular No.STA-2752/1173-K, Dated the 2nd May, 1962, Government has directed that While considering the quotations from suppliers who are liable to sales Tax/General Sales Tax, the amount of tax so payable should be left out of account; whereas in the case of suppliers who have to pay Sales Tax under the local Sales Tex low or the Central Sales Tax Act,1956 to the Government of any other State, the amount of Such taxes should be added to the gross price inclusive of tax considered. The comparative quotations computed on the above basis should then be considered on merits. It has come to the notice of Government that in spite of these instructions, some of the Government Departments/Offices do not follow the said instructions. It is therefore directed that the instructions and the procedures prescribed in the aforesaid circular in regard to consideration of quotations for supply of materials to be purchased by Government Departments/Offices should be observed scrupulously.

By order and in the name of the Government of Gujarat,

Sd/-
**T.K.JAYARAMAN**
Deputy Secretary to the Govt. of Gujarat.
Finance Department.

To,

1. All Secretariat Departments.
2. All Heads of Departments and Heads Office Under the Secretariat Departments/Offices.
3. All Finance Advisers
4. The Accountant General, Gujarat, Ahmedabad.
5. The Pay and Accountant Officer, Ahmedabad/Gandhinagar
6. All Branches in Finance Department
7. The Commissioner of Sales Tax, Ahmedabad (With 100 copies) (Distribution "A" Class)